શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર – અમરેલી દ્વારા પ્રકાશિત

# ટપક

વર્ષ : ૧ અંક ૩

એપ્રિલ ૧૯૯૯

તંત્રી : સુરેખા મહેતા મુદ્રણાલય : શકિત ઓફસેટ, બહારપરા – અમરેલી.
માલિક,મુદ્રક અને પ્રકાશક : શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ૯૫, જલારામનગર – ૨, અમરેલી.
સંપાદક ટીમ : પ્રકાશ ભટ્ટી,હિરલ ખાલપાડા, દયા ચૌહાણ, વજુ ગોવિંદીયા

## હવે ડર નથી

મને કોઈનો ડર નથી એવો હાશકારો અનુભવતી કોઈપણ વ્યકિતનો સંપર્ક થાય ત્યારે સમજી શકાય કે આપણુ સ્વૈચ્છિક કાર્ય આપણા કાર્ય વિસ્તાર માટે સાર્થક થયું માણસને આજે અનેક પ્રકારના ભય,ડર,અસલામતિ વિગેરે સતાવી રહયા છે. આપણે સક્ષમતા Empowerment ની વાતો કરીએ, પણ કયાં છે આ સક્ષમતા ? ગરીબ વર્ગ , મહિલાઓમાં આ સક્ષમતા આવે તેવી પ્રક્રિયાઓ ચાલી રહી છે. શકિતશાળી પરિબળો આ વર્ગને સતત દબાવે છે. તેમાંથી તેઓને મુકત કરવા કાર્ય સંભાળી રહેલા મિત્રોએ પહેલા પોતે ભયમુકત બનવું જોઈશે. વિકાસની મૂખ્ય ધારામાં શોષિત વર્ગને (ખાસ કરીને મહિલાઓને) સામેલ કરવામાં નહી આવે તો કયારેય આપણે વિકાસ સાધી શકીશુ નહી. આ વર્ગને વિકાસની મૂખ્ય ધારામાં લાવવા માટે તેને ભય મુકત વાતાવરણ મળવુ ખૂબ જ જરૂરી છે. શારિરીક, માનસિક અને આર્થિક બાબતે ક્ષમતા ઉભી થાય તે માટેના કાર્યક્રમો વધુ અસરકારક રીતે યોજવા અને સંસાધનોની માલિકી ધરાવતા વર્ગ પર તેઓએ આધારિત ન રહેવુ પડે તેની યોગ્ય વ્યવસ્થા થાય તો આ વર્ગની દરેક વ્યકિત અનુભવી શકે કે મને કોઈનો ડર નથી.

## એસ.ટી.સેવા

પછાત અને દુર્ગમ ગણાતા, ખાંભા તાલુકાને સવલતોની બાબતમાં પણ કંઈક આવુ થઈ રહયુ છે. ત્યારે હવે "આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય" તેમ અહિંના લોકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને વિવિધ સંગઠનોએ ભેગા મળીને કેટલીક રજુઆતો એસ.ટી.બોર્ડ ને કરેલ. પરંતુ પરિણામ ન મળતા અંતમાં ઉપવાસ આંદોલન શરૂ થયુ જેમાં લોકો તથા સામાજિક સંગઠકોએ આ છાવણીની મુલાકાત લઈ તબકકા વાર આશ્વાસન આપ્યા. આ વિસ્તારનાં ધારાસભ્યશ્રી દિનુભાઈ સોલંકી અને ગુજરાત રાજય એસ.ટી. બોર્ડ નિગમના ડાયરેકટરશ્રી ગોબરભાઈ બોરડ આ બંને મહાનુભાવોએ છાવણીની મુલાકાત લઈ અને એસ.ટી.ડેપો આપવાની ખાતરી આપી અને પારણા કરાવ્યા

## મહિલા સપ્તાહની ઉજવણી


તા. ૭/૩/૯૯ ના રોજ ખાંભા તાલુકાના આંબલીયાળા ગામે 'સમગ્ર વિકાસ' ટ્રસ્ટ ના સહયોગથી મહિલા આરોગ્ય શિબિર યોજવામાં આવી. જેમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી આર.ડી. વ્યાસ દવારા બહેનો સાથે વિસ્તૃત વાર્તાલાપ યોજાયો. તા. ૮/૩/૯૯ ના રોજ 'યુવતિ વિકાસ કેન્દ્ર' ના સહયોગથી દહેજ મુકિત પર નૂતન વિદ્યાલય અમરેલીના બાલભવનમાં વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી જેમાં ૩૧ બહેનોએ ભાગ લીધો.

'સ્ત્રી સામર્થ્ય સિધ્ધિ યાત્રા–સ્ત્રી વિવિધ ક્ષેત્રે' વિષય પર સરદાર પટેલ રાજય વહિવટ ભવન – અમદાવાદ દ્વારા તા. ૮/૩/૯૯ ના રોજ સેટેલાઈટ પર કાર્યક્રમ યોજાયો. ધ્રુતિ બહેન તથા મુકેશભાઈ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંયુકત પ્રયાસોથી અમરેલી જિલ્લાની આગેવાન બહેનોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ચર્ચામાં સામેલ થઈ અને પ્રશ્નોતરી માં ભાગ લીધો હતો.

નવજયોત મહિલા વિકાસ કાર્યક્રમ –ટાટમ દ્વારા તા. ૧૪/૩/૯૯ ના રોજ મહિલા સંમેલન યોજાયું. છેલ્લા બે વર્ષથી આ કાર્યક્રમ હેઠળના મહિલાઓ બચત દ્વારા સંગઠીત થાય અને વિકાસ ના અન્ય કાર્યોમાં રસ લેતી થાય તેવા પ્રયત્નો સંસ્થા કરે છે.

## વોટરશેડ સંમેલન

સાળવા પ્રોજેકટ હેઠળ ગામ લોકો દવારા હાથ ધરાયેલ ચેકડેમનું ખાત મૂહુર્ત તા. ૬/૩/૯૯ નારોજ પ.પૂ. શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજી (રાજકોટ ગુરુકુળ) ના હસ્તે કરવામાં આવ્યુ .ખાંભા તાલુકાના લોકોનુ જળસંગ્રહ કાર્ય સંબંધી સંમેલન પણ યોજવામાં આવ્યુ હતું. જેમાં ૭૫૦ લોકોએ ભાગ લીધો હતો . જળ સંગ્રહ કાર્ય સાથે જોડાયેલા મહાનુભાવો એ માર્ગદર્શન આપ્યુ હતુ.


**'ટપક' ને હાર્દિક શુભેચ્છા...............**
દિલાવરખાન પઠાણ –વંડા

### વિકાસના દ્રષ્ટિકોણો વિશે અભીમુખી કરણ

વિકાસ ના ક્ષેત્રે કામ કરનારાઓને ગરીબી સ્ત્રી–પુરૂષ સમાનતા, સહભાગિતા અને ચિરંતનતા જેવા વિકાસના ખ્યાલોની સમજ કેળવવામાં મદદ કરવા માટેના હેતુથી ઉન્નતિ દ્વારા તા. ૩–૭ મે ૧૯૯૯ દરમ્યાન તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે. સંપર્ક : ઉન્નતિ,જી–૧ ૨૦૦ આઝાદ સોસાયટી , અમદાવાદ.

### ચમત્કાર પર્દાફાશ શિબિર

અમરેલી જિલ્લાના યુવક–યુવતિઓ માટે સત્ય શોધક સભા અને ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા આગામી મે માસમાં અમરેલી ખાતે ચમત્કાર પર્દાફાશ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નિષ્ણાંતોદ્વારા ભૂત, પ્રેત, વળગાડ, છાયો વિગેરે રહસ્યોની સાચી હકિકત દર્શાવવામાં આવશે. સંપર્ક : એમ. એસ. પવાર, સત્યશોધક સભા, અમૃત નગર, અમરેલી.

### આશરા સંસ્થા

પંચમહાલમાં કાર્યરત આ સંગઠન દવારા હડફ–ડેમોથીથયેલા વિસ્થાપિતોના પૂનવર્સન કાર્યક્રમમાં મહિલા બચત–મંડળો, કારીગર જૂથોને ટેકો આપવાની કામગીરીચાલી રહી છે.

### સૌરાષ્ટ્ર મૈત્રી મંચ

સૌરાષ્ટ્રના પ્રશ્નોના ઉકેલ સાથે સંકળાયેલા સ્વૈચ્છિક સંગઠનોનુ એક અનૌપચારિક સંગઠન 'સૌરાષ્ટ્ર મૈત્રી મંચ' ની રચના થયેલ છે. આ સંગઠન દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ માટે તાલીમ કાર્યક્રમો યોજેલ છે સંપર્ક : ડૉ. નાનક ભટ્ટ, એફ/૨૨, શ્રીનાથજી ડુપ્લેક્ષ, વ્હાઈટ ચર્ચ પાછળ, ફતેગંજ–વડોદરા.

### મહિલાઓ માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે

વિકાસમાં ગરીબ મહિલાઓની ભાગીદારી વધે તેમજ તેમની સામાજીક અને આર્થિક સ્થિતિમાં સુધારો થાય તે માટે બહેનોને સંગઠીત કરીને સક્ષમ બનાવવા કાર્યરત સૌરાષ્ટ્રની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે 'આનંદી' સસ્થાએ કામગીરી શરૂ કરી છે. તેઓ 'સપ્તરંગ' પત્રિકા પ્રકાશિત કરી રહયા છે. સંપર્કઃ જાહન્વી અંજારીયા, 'આનંદી', ભોઈવાડા આરોગ્ય કેન્દ્રની સામે હલુરીયા ચોક, ભાવનગર.

### ગુજરાતની પ્રાકૃતિક વિરાસત

ગીર ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત 'ગુજરાતની પ્રાકૃતિક વિરાસત' દ્વારા રાજયના અભ્યારણ્યો અને રાષ્ટ્રિય ઉદ્યાનના વન અને વન્ય જીવ સૃષ્ટિ તથા જૈવિક વિવિધતાની માહિતી આવરી લેવામાં આવી છે દરેક પર્યાવરણ ના ચાહકોએ આ પૂસ્તિકા વસાવવા જેવી છે.કિમંત રૂા. ૨૨૫–૦૦ (ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક,ગાંધીનગર)

### પર્યાવરણ રક્ષા અને જાગૃતિ

૧૯૮૬ થી કાર્યરત પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ દવારા પર્યાવરણ રક્ષા અને જાગૃતિ ઝુંબેશ ચાલી રહી છે જેમાં કુદરતી સંશાધનોની જાળવણી અને જૈવિક વિવિધતા આધારિત સમજ ઉભી કરવા વિદ્યાર્થીઓમાં અને જાગૃત નાગરિકોમાં પરિક્ષાઓ લેવાનું આયોજન ચાલી રહયુ છે. વધુને વધુ પ્રતિભાગીઓ રસ પૂર્વક સામેલ થઈ રહયા છે.

### જૈવિક વિવિધતા

તા. ૧૪ માર્ચ ૯૯ ના રોજ વનચેતના કેન્દ્ર રાજકોટ ખાતે વનવિભાગ દ્વારા જૈવિક વિવિધતા પર પરિસંવાદ યોજાયેલ. લવકુમાર ખાચર તથા એચ.એચ. સિંહ સહિત વન વિભાગના અધિકારીશ્રીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ ના પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. વન વિભાગ , સ્વૈચ્છિક સંસ્થાઓ તથા નિષ્ણાંતોના પરસ્પર સહયોગથી જૈવિક વિવિધતા ટકાવી રાખવા – સમજવા અને લોકોમાં તેની જાગૃતિ લાવવા નકકર કાર્યક્રમો આપવા તૈયારી દર્શાવી હતી.

### ઓરી

અમરેલી જિલ્લાના ખાંભા તાલૂકાના બોરાળા ગામથી આ મહિનામાં દરેક લોકો પરિચિત થયા. બાળકો માટે જીવલેણ બનેલો ઓરી ભયજનક રીતે આગળ વધ્યો .મા.ધારાસભ્યશ્રી દિનુભાઈ સોલંકીની સમયસરની જાગૃતતા તથા સ્થાનિક યુવાન મિત્રો સંગઠનોએ ભજવેલી સક્રિય ભૂમિકા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી આર.ડી. વ્યાસ દ્વારા લેવાયેલા સમયસરના પગલા અને રાજયના વહિવટી તંત્ર અને યુનિસેફ ના સહયોગથી આ દુર્ઘટનાને આગળ વધતી અટકાવી છે.

### સેવા – બ્લડ ડોનર નામાવલી

અમરેલી ધારાસભા મત વિસ્તારની મા. ધારાસભ્યશ્રીની સંપર્કયાત્રા દરમ્યાન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા આ વિસ્તારના તમામ ગામોમાં રકતદાન તથા ગૃપીંગ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ, જેમાં જોડાયેલા લોકોના બ્લડ ગૃપની નામાવલી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જે આ વિસ્તારના લોકોને ખૂબ જ ઉપયોગી થઈ રહી છે. નામાવલી મેળવવા માટેનુ સ્થળ : શ્રી ચંદુભાઈ સંઘાણી, સેવા ટ્રસ્ટ, સુખનાથપરા, અમરેલી.

પટેલ એગ્રો સેન્ટર અને શ્રીજી આઈસ કેન્ડી
રબારીકા
પ્રો. બાબુભાઈ સેંજલીયા
અમારે ત્યાંથી દરેક પ્રકાર ની જંતુનાશક દવાઓ તથા
શિખંડ,કેન્ડી અને ઠંડા પીણા મળશે.
નોંધ : બહારના ઓર્ડર પર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

## જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મનવિકાસ યોજના

કેન્દ્ર સરકાર શ્રી તથા રાજયસરકારશ્રી ના સહયોગથી કાર્યરત જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ યોજનાનુ મારી દ્રષ્ટિએ મનવિકાસ યોજના નામ સાર્થક લાગે છે.

સામાન્ય રીતે વરસાદી ખેતી પર આધારિત આપણુ જીવન અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ છે. જયાં પીવાના પાણીની મોટામાં મોટી સમસ્યા હોય ત્યાં ખેતી માટે શું કરવુ ? સરકારશ્રી દ્વારા શરૂ થયેલો જળસ્ત્રાવ વિસ્તાર વિકાસનો નવો અભિગમ આજે ગામડાના લોકોમાં નવો પ્રાણ પુરી રહયો છે. ગામલોકોએ ભેગા મળી પોતાના ગામનો વિકાસ કરવો તે મનવિકાસ નહીતો બીજુ શું છે ? સંયુકત કુટુંબમાં સુખની છાયા અને દુઃખ નો ઓછાયો બંને સાથે પસાર થઈ જાય છે. તેવી જ રીતે જળસ્ત્રાવમાં નાનકડા ગામનો સમૂહ તૈયાર થાય છે દેખી શકાય તેવી અસરવાળા કામો હાથ ધરવા, જીલ્લા ગામ વિકાસ એજન્સી અને સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી આજે અમરેલી જીલ્લામાં વોટરશેડ ના ફળ આપણે ચાખતા થયા છીએ. ધીમે ધીમે નકકર પાપા પગલી સાથે આગામી વર્ષોમાં આપણે આ યોજના થકી વહી જતા પાણીને ચોકકસ રોકી શકીશુ. અને એ શકય બનશે એકબીજાના મનવિકાસથી.

**–અમિત દવે**

## સ્વંય સેવક તાલીમ

તા. ૬/૨/૯૯ થી તા. ૭/૨/૯૯ દરમ્યાન ઈએસસી દ્વારા ગ્રામીણ ક્ષેત્રે કાર્યરત સ્વયંસેવકો માટે તાલીમ કાર્યશાળા યોજાઈ. જેમાં બીજા દિવસે કાર્ય વિસ્તારના મંડળના પ્રમુખ–મંત્રીશ્રીઓ પણ સામેલ થયા હતા. પોત પોતાના વિસ્તારના વિકાસ કાર્યો માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યકંમમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રન્નાભાઈ વરીયા, માજી પ્રમુખશ્રી શામજીભાઈ નસીત,બેંકના અધિકારીશ્રી જૈસવાર,ગગજી બાપા,મગનભાઈ કોઠીયા, પ્રો. જે.એમ. તળાવીયા વિગેરે મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યુ હતુ. સંસ્થાના કર્મચારી મિત્રો,વોટરશેડ ટીમના સભ્યો દ્વારા આ તાલીમ કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યુ હતુ.

**પ્રતિભાવ**

ટપક નામ સાંભળ્યુ અને મનમાં ટપક–ટપક થવા લાગ્યુ. કર્મશીલો કામ ટપકાવે, ગમે ત્યાં ગમે ત્યારે ટપકી પડે અને બનેલી ઘટનાને પ્રેસમાં ટપકાવી દે.

**–ઈશ્વર યોગી**

બાળકોને ઉપયોગી સાહિત્ય 'ટપક' માં આપવામાં આવે તો અમે તેનો અમારા બાળ સંભાળ કેન્દ્રમાં ઉપયોગ કરી શકીએ.

**– પ્રેમીલા પાઠક**

### વોટરશેડ પ્રોજેકટ – ખાંભા (અમરેલી) | ૧ ઓગષ્ટ'૯૭ થી ૨૦ માર્ચ '૯૯

| ક્રમ | પ્રોજેકટનુ નામ | વિસ્તાર (હેકટર) | મળેલ ગ્રાન્ટ (લાખ) | જળસંગ્રહ કાર્ય પાછળ થયેલ ખર્ચ | જમીન સંરક્ષણમા થયેલ ખર્ચ | એગ્રો ફોરેસ્ટ્રી માટે થયેલ ખર્ચ | પશુપાલનના કાર્યમાં થયેલ ખર્ચ | કુલ ખર્ચ | લોકફાળો | લોકભાગીદારી દ્વારા એકત્ર | તળાવ–ચેકડેમ કાચા | પાકા | કુલ | બંધપાળા (મીટર) | શોષખાડા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડુગનાથપુર | ૫૭૬ | ૨.૧૫ | ૧.૩૦ | ૦.૫૬ | ૦.૨૧ | ૦.૦૮ | ૨.૧૫ | ૦.૩૪ | ૭ | – | ૩ | ૪૬ | ૩૨ | ૫૬ |
| ૨ | કોટડા | ૫૧૧ | ૩.૫૦ | ૨.૩૮ | ૧.૨૪ | ૦.૧૨ | ૦.૦૪ | ૩.૭૮ | ૦.૭૩ | ૧૨ | – | ૧૨ | ૮૯૧ | ૯ | ૪૯ |
| ૩ | જીકીયાળી | ૫૦૧ | ૬.૭૫ | ૪.૭૦ | ૨.૧૬ | ૦.૧૨ | ૦.૦૬ | ૭.૦૪ | ૧.૩૩ | ૧૪ | ૪ | ૧૭ | ૧૦૬ | ૦૧ | ૫૬ |
| ૪ | વાંકીયા | ૬૦૦ | ૫.૧૦ | ૧.૪૯ | ૩.૪૦ | ૦.૧૮ | ૦.૧૦ | ૫.૧૭ | ૦.૯૧ | ૧ | ૩૨ | ૩ | ૧૩૨ | ૧૯ | ૫૩ |
| ૫ | ભાડ | ૫૬૨ | ૮.૦૦ | ૪.૭૭ | ૨.૨૩ | ૦.૧૭ | ૦.૦૪ | ૭.૨૧ | ૧.૩૮ | ૨૯ | ૧ | ૩૦ | ૮૮ | ૨૧ | – |
| ૬ | પચપચીયા | ૩૭૦ | ૫.૦૦ | ૧.૮૨ | ૨.૨૯ | ૦.૩૫ | ૦.૦૫ | ૪.૫૧ | ૦.૮૫ | ૭ | ૧ | ૮ | ૨૬૨ | ૬ | ૩૬ |
| | **EAS** | ૩૧૨૦ | ૩૦.૫૦ | ૧૬.૪૬ | ૧૧.૮૮ | ૧.૧૫ | ૦.૩૭ | ૨૯.૮૬ | ૫.૫૪ | ૭૦ | ૮ | ૭૮ | ૪૮ | ૮૧૮ | ૨૫૦ |
| ૭ | સાળવા | ૫૦૦ | ૫.૦૦ | ૨.૯૮ | ૧.૧૩ | ૦.૧૪ | ૦.૦૬ | ૪.૩૧ | ૦.૮૦ | ૨ | ૬ | ૫ | ૫૧૫ | ૩ | ૧૦૦ |
| ૮ | આંબલીયાળા | ૫૮૪ | ૭.૫૦ | ૫.૩૮ | ૨.૧૧ | ૦.૪૦ | ૦.૧૦ | ૭.૯૯ | ૧.૪૭ | ૪ | ૭ | ૯ | ૧૩૨ | ૦૩ | – |
| ૯ | રબારીકા | ૫૦૩ | ૪.૬૫ | ૧.૫૩ | ૦.૭૮ | ૦.૩૨ | ૦.૦૯ | ૨.૭૨ | ૦.૪૬ | – | – | – | ૧૮ | ૭૪ | ૧૮૦ |
| ૧૦ | પીપરીયા | ૫૦૦ | ૫.૫૦ | ૨.૭૨ | ૧.૬૬ | ૦.૧૨ | ૦.૦૮ | ૪.૫૮ | ૦.૮૭ | ૬ | ૬ | ૬ | ૧૩૦ | ૦૨ | ૫૦ |
| | **DPAP** | ૨૦૮૭ | ૨૨.૬૫ | ૧૨.૬૧ | ૫.૬૮ | ૦.૯૮ | ૦.૩૩ | ૧૯.૬૦ | ૩.૬૦ | ૧૨ | ૧૯ | ૩૧ | ૩૩૨ | ૩૨ | ૩૩૦ |
| | **EASDPAP** | ૫૨૦૭ | ૫૩.૧૫ | ૨૯.૦૭ | ૧૭.૫૬ | ૨.૧૩ | ૦.૭૦ | ૪૯.૪૬ | ૯.૧૪ | ૮૨ | ૨૭ | ૧૦૯ | ૮૨ | ૦૫૦ | ૫૮૦ |
| | **EPA** | | ૧૦.૦૦ | | | | | ૯.૪૭ | | | | | | | |
| | વહિવટ | | ૭.૮૫ | | | | | ૬.૨૪ | | | | | | | |
| | તાલીમ | | ૪.૦૦ | | | | | ૧.૭૨ | | | | | | | |
| | સંગઠન | | ૪.૦૦ | | | | | ૨.૨૨ | | | | | | | |
| | કુલ | ૭૯.૦૦ | | | | | ૬૯.૧૧ | | | | | | | | |

## વોટરશેડ જોવાને

ચાલો ચાલો વોટરશેડ જોવાને,
એની કામગીરી નિહાળવાને ચાલો ચાલો..........
આ તો ગામ વિકાસની યોજના છે,
આમા લાભ સહુને થાય મારા ભાઈ ચાલો..........
આતો ખેતરના પાળા બાંધે છે,
ત્યાં ધોવાણ જમીનનું અટકે મારા ભાઈ ચાલો..........
આતો ખેતતલાવડી બાંધે છે,
ત્યાં તો પાણી જમીનમાં ઉતરે મારા ભાઈ ચાલો..........
આમા વનીકરણતો થાય છે,
તે તો વરસાદ ખેચી લાવે મારા ભાઈ ચાલો..........
આ તો ચેકડેમ બાંધે છે,
તેથી પાણીનો સંગ્રહ થાય મારા ભાઈ ચાલો..........
આ "પ્રકાશ" સહુને વિનવે છે,
આનુ સંગઠન મજબુત કરો મારા ભાઈ ચાલો..........

**–પ્રકાશ ભટ્ટી**

## ''કયાંથી''

મોટા સરોવર ના મોટા હૃદય માં
આપણે તો નાનકડા નિર તોય કયાંથી
રાજ માર્ગ બનવું કદાચ કઠણ હોય
તો બનીએ નાનકડી કેડી તોય કયાંથી
તરબુચના વેલામાં તરબુચ છે મોટા
આપણે નાનકડી લતાના ફૂલ તોય કયાંથી
સિતારો બનવામાં કદાચ વાંધો પડે
પણ આપણે નાનકડા દિવા ની જયોત તોય કયાંથી
મંચ પર ભાષણ કદાચ અશકય હોય
પણ''કરૂણ''થઈ સભામાં જઈએ તોય કયાંથી

**પાઠક પંકજ – દેવગામ**

## જીવનની વહારે બચત મંડળ

અમારા છોકરાઓ કદાચ ગઢપણમાં અમોને ન સાચવેતો અમારા આ રૂપિયામાંથી કોઈ ધંધો કરી અમારુ ગુજરાન કરી શકીશુ.

શારદાબેન રોખોલીયા – પચપચીયા

આ પહેલા અમારા ગામમાં મહિલા મંડળ બનાવ્યુ હતું ત્યારે બધા બહેનો દરમહિને રૂા. ૨ પછીથી રૂા. ૫ આપતા હતા તે રૂપિયામાંથી એક સત્યનારાયણની કથા કરેલ, અને તુલસીલગ્ન કરેલ ત્યારે મંડળ ની અમુક બહેનોએ કહેલ કે તમો મંડળના રૂપિયા વાપરી નાખો છો પૂરો હિસાબ આપતા નથી તેમાંથી બહુ મોટો ઝઘડો થયેલ અને બોલવા માટેના સંબંધો પણ નથી રહયા.

સવિતાબેન કોઠિયા– વાંકિયા

મનજીભાઈ પાઘડાળના ઘરે યોજાયેલ મહિલા બચત મંડળની મીટીંગ માં હું હાજર હતી ત્યા સ્વ સહાય જૂથ ની તમામ માહિતી મને મળી છે તેના આધારે અમે આસપાસના ૨૫ બહેનોએ એક મંડળની રચના કરેલ છે. જેમાં ૨૦ રૂા. થી બચત શરૂ કરેલ છે. અમે મીરીંગ બોલાવી નથી. બહેનો પોતાને અનુકુળ સમયે આવી પૈસા જમા કરાવે છે.

લાભુબેન ઠુંમર–ભાડ

મહિલા બચત મંડળની રચના કરવામાં ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. છતાં બહેનો તેમાં જોડાય છે. આગળ આવવા કંઈક જાણવાની,શિખવાની તેનાં મનની ઈચ્છા જાણવા મળી છે. ત્યારે બહેનો તથા સંસ્થાના સહકારથી વિકાસના કાર્યમાં આ મંડળો દ્વારા સ્ત્રી માં રહેલી શકિતઓને જોડી શકાશે.

મમતા ગૌસ્વામી કો–ઓર્ડિનેટર યુવતિ વિકાસ કેન્દ્ર

અમારા સમયે અનુકુળ બેઠક બોલાવીને બચત મંડળની માહિતી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા મળી રહી છે. મંડળમાં જોડાવાથી માત્ર બચત જ નહી પણ બહેનોનુ સંગઠન બની રહયુ છે. અને પરસ્પર વિશ્વાસનુ વાતાવરણ ઉભુ થયુ છે.

બેલાબેન પટેલ

પુસ્તપ્રેષ–મુદ્રિત સામગ્રી
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ____________________

: ટપક કાર્યાલય :
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫